# વસંત પંચમીઃ જ્ઞાન, પ્રકૃતિ અને સંસ્કૃતિનો સંગમ

**ધર્મરંગ**

**વ્યોમા સેલર**

વસંતપંચમી હિંદુ સંસ્કૃતિનો એક મહત્વનો તહેવાર છે. આ દિવસ વસંત ઋતુના આગમનનું પ્રતીક છે. ઠંડીની વિદાય અને પ્રકૃતિમાં નવી ચેતનાનો સંચાર થાય છે. ખેતરોમાં પીળા સરસવના ફૂલ ખીલતા જોવા મળે છે, જે ઉત્સવને વધુ આકર્ષક બનાવે છે. વસંતઋતુ ભારતદેશની છ ઋતુઓમાં એક ઋતુ છે. વસંતઋતુ એ સર્વશ્રેષ્ઠ ગણાય છે. વસંતને ઋતુઓનો રાજા માનવામાં આવે છે. વસંત દરમિયાન પંચતત્ત્વ વાયુ, જળ, ધરતી, આકાશ, અગ્નિ પ્રકોપ છોડીને પોતાનું મનમોહક રૂપ ધારણ કરે છે. આકાશ સ્વચ્છ રહે છે. વાયુ શીતળમંદ હોય છે. અગ્નિ(સૂર્ય)નો તાપ રૂચિકર હોય છે. જળ નિર્મળ, સ્વચ્છ તથા શીતળ હોય છે. ધરતી ભવ્ય સૌંદર્યવાન સ્વરૂપ ધારણ કરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ઐશ્વર્યમાં ઋતુઓમાં વસંત કહે છે. (ભગવદ્ ગીતા 10.36) માર્ગશીષ માસને સર્વોત્તમ માનવામાં આવે છે કારણ કે ભારતમાં આ સમયે ખેતરોમાં ધાન્ય એકત્ર કરવામાં આવે છે. લોકો બહુ જ પ્રસન્ન હોય છે. વસંત વિશ્વભરમાં સૌને પસંદ ઋતુ છે કારણ કે આ ઋતુમાં બહુ ગરમી કે બહુ ઠંડી હોતી નથી. વૃક્ષોમાં પુષ્પોની બહાર આવે છે. વસંતમાં કૃષ્ણની લીલાઓ સંબંધે અનેક ઉત્સવોની ઉજવણી પણ કરવામાં આવે છે. સર્વ ઋતુઓમાં તે સૌથી વધુ હર્ષોલ્લાસપૂર્ણ ગણાય છે અને તે ભગવાન શ્રીકૃષ્ણનું પ્રતિનિધિત્વ કરે છે.

વસંત પંચમી હિન્દુઓનો તહેવાર છે. વસંત પંચમી મુખ્યત્વે જ્ઞાન, કલર તથા સંગીતની દેવી સરસ્વતીના પ્રાગટ્ય દિવસ રૂપમાં મનાવવામાં આવે છે. અંધકાર પર પ્રકાશનો વિજય તથા પ્રકૃતિના પુનઃજન્મનો ઉત્સવ છે. વસંતપંચમીએ શીતકાલ સમયનો અંત તથા વસંતઋતુની શરૂઆત પ્રતીક છે. જે પ્રકૃતિમાં નવજીવન તથા નવશકિતનું સર્જન કરે છે. વસંતપંચમીના દિવસે પીળા રંગનાં વસ્ત્રો ધારણ કરવામાં આવે છે કારણ કે પીળો રંગ માતા સરસ્વતીદેવીને સૌથી પ્રિય છે તથા



ખેતરોમાં સરસવના પાકનાં ફૂલો ખીલીને સરસ પીળો કલર ધારણ કરી લહેરાય છે. જે મનને શાંતિ અને સમૃદ્ધિ પ્રદાન કરે છે.

વસંત પંચમીના દિવસે ભગવાન સદાશિવ તથા માતા પાર્વતીનો તિલકોત્સવ (સગાઇ) થયો હતો. ઉપરાંત કામદેવ-રતિના વિવાહની શરૂઆત થઈ હતી માટે જ આ દિવસ વિવાહ માટે શુભ માનવામાં આવે છે.

પુરાણો અનુસાર ભગવાન શ્રીકૃષ્ણે માતા સરસ્વતીને વરદાન પ્રદાન કર્યું હતું કે વસંત પંચમીના દિવસે તમારી પૂજા અને સાધના કરવામાં આવશે. વિધિના આરંભના શુભ અવસર પર સરસ્વતી પૂજન અદ્ભુત પ્રભાવ પાડે છે. માતા સરસ્વતીની કૃપાથી વાલ્મીકિ ઋષિને જ્ઞાન પ્રાપ્ત થયું જેનાથી રામાયણ ગ્રંથની રચના થઈ હતી. વસંતપંચમીના દિવસે મીઠો ભાત કે કેસરી ભાતનો ભોગ બનાવવામાં આવે છે.

વસંત પંચમીના શુભ દિવસે દેવી સરસ્વતીના પ્રાગટયની પુરાણોમાં સુમધુર વાર્તા પ્રાપ્ત થાય છે.


સૃષ્ટિના રચયિતા ભગવાન બ્રહ્માજીએ અનેક પ્રકારના ગ્રહો તથા તારામંડળની રચના કરી હતી. આ ગ્રહો સૃષ્ટિમાં દિશાવિહીન થઈને ભ્રમણ કરી રહ્યા હતા કારણ કે તેઓને ચોક્કસ ભ્રમણ દિશાનું જ્ઞાન નહોતું. આથી તેઓ મૂંઝવણમાં હતા કે તેઓ પોતાની ધરી પર ભ્રમણ કરે કે સૂર્યદેવની આસપાસ?

> **સૃષ્ટિના રચયિતા ભગવાન બ્રહ્માજીએ અનેક પ્રકારના ગ્રહો તથા તારામંડળની રચના કરી હતી. આ ગ્રહો સૃષ્ટિમાં દિશાવિહીન થઇને ભ્રમણ કરી રહ્યા હતા કારણ કે તેઓને ચોક્કસ ભ્રમણ દિશાનું જ્ઞાન નહોતું. આથી તેઓ મૂંઝવણમાં હતા કે તેઓ પોતાની ધરી પર ભ્રમણ કરે કે સૂર્યદેવની આસપાસ? આથી સૃષ્ટિનું સંતુલન ડામાડોળ થવા લાગ્યું**

આથી સૃષ્ટિનું સંતુલન ડામાડોળ થવા લાગ્યું. આથી ઉકેલ શોધવા બ્રહ્માજી સ્વયં ઘોર તપસ્યામાં ચાલ્યા ગયા. તેઓની તપસ્યાથી દેવી સરસ્વતીજીનું પ્રાગટ્ય થયું. જેમણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતાં તથા ચતુર્ભુજ દેવીએ બે હાથો વડે વીણા ધારણ કરી હતી તથા ત્રીજા હાથમાં માળા તથા ચોથા હાથમાં પુસ્તક ધારણ કર્યાં હતાં. દેવીના પ્રાગટ્યની ગ્રહોની ભ્રમણ કરવાની દિશા નક્કી થઇ તથા સૃષ્ટિમાં સંતુલન પ્રાપ્ત થયું. આથી શ્રી બ્રહ્માજીએ દેવી સરસ્વતીને વરદાન પ્રદાન કરી કહ્યું કે આ દિવસ તમારા પ્રાગટ્ય દિવસ તરીકે મનાવવામાં આવશે.

---

# પરોઢનો તારો



**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

મારા મિત્ર સોમ બંદોપાધ્યાયે કહ્યું, ‘‘ગુરુના વિરહમાં ઝુરતા શિષ્ય તેવા બાઉલને તો ઘણાને તમે મળ્યા હશો પરંતુ આજે તમને શિષ્યના વિરહમાં ઝુરતા બાઉલ ગુરુ પાસે લઈ જવા છે!’’

કલકત્તાથી બીરભુમ જિલ્લાના મીલનચાક ગામના સીમાડે, નીલ નિરંજન ડેમના કિનારે, નિધુ બાઉલના આશ્રમે જવા માટે અમે નીકળ્યા.

રસ્તામાં સોમ બોલ્યો, ‘સતીશ! ઓછી જરૂરિયાત, શાંત જીવન, સાદો ખોરાક હોવાને લીધે દીર્ઘ આયુષ્ય ભોગવતા બાઉલમાં જવલ્લે જ શિષ્યનું ગુરુ પહેલાં અવસાન થતું હોય છે પરંતુ નિધુ બાઉલનો આઠ વર્ષનો શિષ્ય વિધુ, આ નીલ નિરંજન ડેમમાં ડૂબતી એક આદિવાસી કન્યાને બચાવવા માટે ગયો. તેણે કન્યાને તો બચાવી લીધી પણ પોતે મગરના જડબામાં ફસાયો, ગંભીર રીતે ઘાયલ થયો, બે માસની સારવાર પછી મૃત્યુ પામ્યો.’’

વાત પૂરી થઈ ત્યાં તો નિધુ બાઉલના આશ્રમ પાસે પહોંચી ગયા. અમે અભિવાદન કરી, આશ્રમમાં સ્થાન લીધું. સોમને નિધુ સાથે સુમધુર સંબંધો હતા. તેમણે બાઉલને શિષ્ય વિધુની વાત કરવા માટે વિનંતી કરી.

સજળ આંખે નિધુએ વાત શરૂ કરી, ‘‘મારો વિધુ તો એક ચમકતો સિતારો હતો! નાની વયે તેણે ઘણું હાંસલ કરી લીધું હતું. ક્ષત્રિય કુટુંબમાંથી જ આવ્યો હતો, તેથી લડાયક મિજાજ હતો, તે જ કારણે મગર સાથે બાખડી પડ્યો!’’

થોડા સ્વસ્થ થઈ બોલ્યા, ‘‘તેમનું રચેલ એક ગીત સાંભળો, તેણે બીમારી વખતે મને આશ્વાસન આપવા માટે આ ગીત રચ્યું હતું.

તે કહે છે કે ગુરુ, હું તો પરોઢનો તારો છું! હું કંઈ આખી રાત થોડો રોકાઉં! હું કંઈ ચાંદા સાથે આખી રાત થોડો રમત કરું! હું તો સૂરજની એકબે ઘડી પહેલાં પરોઢે આવું, સૂરજ ઊગે કે તરત વિલીન થઈ જાઉં! ગુરુ, હું તો પરોઢનો તારો!’’

ગુરુ, આમિ ભોરેર તારકા!  
આમિ સારા રાત થાકિના;  
આમિ ચાંદેર સાથ ખેલિના!  
ગુરુ, આમિ ભોરેર તારકા!  
સુજ્જેર આગે આગે ઉઠિ આમિ;  
સુજેર ઉઠિએ મ્લાન હઈ જાઈ આમિ!  
આમિ હઈયા છે ઝલમલ દુઇ ઘંટા!  
ગુરુ, આમિ ભોરેર તારકા  
ખોકા જાગે આમાર સાથે  
બણે વિધુ અમકે દ્વિતીય ધુમ બલે  
આમિ સૂર્યર નાંદી અંતિમ ઉદિતા!  
ગુરુ, આમિ ભોરેર તારકા!

**ગુજરાતી સમગાનીઃ**

મારા ગુરુજી, હું છું પરોઢનો તારો!  
નહીં આખીએ રાત રહેનારો,  
નહીં ચાંદલીયા સાથ રમનારો;  
મારા ગુરુજી, હું છું પરોઢનો તારો!  
મારી સાથે સાથે બાળકો ઊઠી જાતાં!  
ધબડાવી, વાલી કરી, સુવડાવે માતા!  
હું સૂરજનો નાંદી, છું છેલ્લે ઊગનારો!  
મારા ગુરુજી, હું છું પરોઢનો તારો!

> **મારો વિધુ તો એક ચમકતો સિતારો હતો! નાની વયે તેણે ઘણું હાંસલ કરી લીધું હતું. ક્ષત્રિય કુટુંબમાંથી જ આવ્યો હતો, તેથી લડાયક મિજાજ હતો, તે જ કારણે મગર સાથે બાખડી પડ્યો**

અશ્રુસજલ આંખે ગીત પૂરું કરી નિધુ બાઉલ બોલ્યા, ‘‘સૂરજનો નાંદી, સૂતેલાને જગાડનાર, અલ્પજીવી એવો, મારો પરોઢનો તારો, સૂરજની ગેરહાજરીમાં હળવો હળવો પ્રકાશ રેલાવી, ચાલ્યો ગયો!’’